# જાહેર વિજ્ઞપ્તિ

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ, સચિવાલય,**
**ગાંધીનગર**

રાજ્યમાં ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ તથા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી અમલી છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ : ૨૭-૧૨-૨૦૧૭ના ચુકાદાથી રાજ્ય સરકારે ઘડેલ કાયદો તેમજ નિયમો કાયદેસર અને બંધારણીય ઠરાવેલ છે. જેની સામે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP(C) No. 314/2018 માં તારીખ ૧૧-૦૭-૨૦૧૮ના રોજ થયેલ સુનાવણીના અંતે નામદાર સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને શાળાઓમાં શિક્ષણ સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓ પૈકી કઈ કઈ બાબતો વૈકલ્પિક (Optional) પ્રવૃત્તિઓ ગણી શકાય તેની વિચારણા કરવા અને વૈકલ્પિક (Optional) પ્રવૃત્તિઓ નક્કી કરીને, સુપ્રીમ કોર્ટના હુકમની તારીખથી એક અઠવાડિયાથી મોડું નહીં તેટલી સમય-મર્યાદામાં, તેની જાણ પીટીશનર શાળાઓને કરવા આદેશ આપેલ છે.

નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર રાજ્ય સરકારે વૈકલ્પિક (Optional) પ્રવૃત્તિઓ નક્કી કરવા અંગે કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ નીચે જણાવેલ પ્રવૃત્તિઓને, વૈકલ્પિક (Optional) પ્રવૃત્તિઓ તરીકે ગણવા નિર્ણય કરેલ છે. રાજ્ય સરકારના આ નિર્ણયને શિક્ષણ વિભાગના તારીખ ૧૭-૦૭-૨૦૧૮ના જાહેરનામાથી રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧. ટ્રાન્સપોર્ટેશન
૨. હોસ્ટેલ
૩. ભોજન શાળા/ભોજનની સુવિધા
૪. પર્યટન (Excursions)/ પ્રવાસ (ફિલ્ડ ટ્રીપ)
૫. ઘોડેસવારી
૬. સ્વીમીંગ
૭. કલબની પ્રવૃત્તિઓ
૮. પુસ્તકો અને સ્ટેશનરી
૯. સંબંધિત બોર્ડના અભ્યાસક્રમ મુજબ સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ભાગ રૂપ ન હોય તેવી અન્ય પ્રવૃત્તિ/સુવિધા
૧૦. રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવે તેવી અન્ય પ્રવૃત્તિઓ/સુવિધા.

નામદાર સુપ્રીમ કોર્ટના સદરહુ આદેશમાં જણાવ્યા અનુસાર, જે સ્વનિર્ભર શાળાઓએ હજુ સુધી ફી નિર્ધારણ અંગેની દરખાસ્તો રજૂ કરેલ નથી, તેવી સ્વનિર્ભર શાળાઓએ રાજ્ય સરકારના આ નિર્ણયની તારીખથી બે અઠવાડિયામાં એટલે કે, તારીખ: ૩૧-૦૭-૨૦૧૮ સુધીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ અને ૨૦૧૮-૨૦૧૯ના વર્ષની દરખાસ્તો હિસાબો સહિત ''ફી નિયમન સમિતિ''ને રજૂ કરવાની રહે છે.

પ્રસ્તુત બાબત જાહેર હિતમાં સર્વે સંબંધિત શાળાઓને અમલ કરવા તેમજ વાલીઓની જાણ અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૧૭-૦૭-૨૦૧૮.**
**માહિતી/૧૦૦૮/૧૮-૧૯**

Scanned by CamScanner